ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગુજરાતમાં રવિવારે રાજકીય ભૂકંપ

## બાપુ ૨૦ થી વધુ પૂર્વ સાંસદો અને ૪૦થી વધુ પૂર્વ ધારાસભ્યો સાથે ભાજપમાં પ્રવેશ મેળવશે એવી જોરશોરથી અટકળો

ગાંધીનગર, તા. ૧૭

રવિવારે ગુજરાતના રાજકીય સસ્પેન્સ પરથી પડદો ઉઠશે તેવી અટકળો પાટનગરના રાજકીય વર્તુળોમાં જોરશોરથી ચર્ચાઈ રહી છે.

પૂર્વ મુખ્યમંત્રી અને વિધાનસભા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા ૨૦થી વધુ પૂર્વ સાંસદો અને ૪૦થી વધુ વર્તમાન અને પૂર્વ ધારાસભ્યો સાથે ભાજપમાં વિધિવત જોડાશે તેવી અટકળો પાટનગરમાં ચાલી રહી છે.

શંકરસિંહ વાઘેલા હાલ ગાંધીનગર બહાર છે અને તેઓ શનિવારે પરત ફરશે તેમ મનાઈ રહ્યું છે. બીજી તરફ ભાજપમાં પણ તેમના પુનરાગમનને લઈ જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે.

રાજકીય વર્તુળોમાંથી મળતા નિર્દેશો મુજબ હાલ કોંગી પ્રભારી અશોક ગેહલોત અને ૪ સહપ્રભારીઓ હાલ રાજ્યના વિસ્તૃત પ્રવાસમાં જિલ્લે જિલ્લે ફરી રહ્યા છે. તેઓ પણ ગુરૂવાર સાંજ સુધીમાં પરત ફરી અને એક અહેવાલ તૈયાર કરી કોંગ્રેસની નેતાગીરીને આપશે.

આ અહેવાલ બાદ રવિવાર સુધીમાં કોંગ્રેસ હાઈકમાન્ડ કોઈ નિર્ણય ના કરે તો પછી બાપુ ભાજપમાં પ્રવેશવાની વિધિવત્ જાહેરાત કરશે તેમ મનાઈ રહ્યું છે.

ભાજપની નેતાગીરી એ પણ બાપુના પુનરાગમનને વધાવવા માટેની સંપૂર્ણ તૈયારીઓ શરૂ કરી દીધી છે. બાપુના પુનરાગમન પ્રસંગે પુષ્પવૃષ્ટિ સહિતનું આયોજન વિચારાયુ હોવાનું પણ ભાજપના વર્તુળો કહી રહ્યાં છે.

જો કે હાલ તો પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરત સોલંકી બાપુ કોંગ્રેસમાં છે અને મિડિયા ચિંતા કરવાનું છોડી દે તેવી વાતો કરી સમગ્ર રાજકીય સસ્પેન્શનો ઢાંકવાનો પ્રયાસ કરી રહ્યા છે.

આગામી સપ્તાહ ગુજરાતના રાજકારણમાં નવા મોડ પર હશે તેવી વાતોએ પાટનગરના રાજકીય પ્રવાહોને ઉત્તેજીત બનાવી દીધા છે.



હોટેસ્ટ સીટી - ગાંધીનગર ઠંડીમાં પણ નંબર વન અને ગરમીમાં પણ નંબર વન... છેલ્લા ત્રણ દિવસથી રાજ્યમાં સૌથી વધુ ગરમી ગાંધીનગરમાં નોંધાય છે... બુધવારે પણ મહત્તમ તાપમાન ૪૩.૪ ડિગ્રી નોંધાયું હતું... ગરમીની સીધી અસર જનજીવન પર વર્તાય છે... ખાસ કરીને મધ્યમ અને ગરીબ વર્ગને વધારે હાલાકી ભોગવવી પડે છે... વૃક્ષના છાંયા નીચે ઘસઘસાટ નિંદર માણતા રાહદારી પર સીધી જ ગરમીની અસર વર્તાય છે....

# રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજનામાં મધુર ડેરીના બે પ્રોજેક્ટને જિલ્લાની લીલી ઝંડી

## દશેલા પાસે ડેરી એક્સ્ટેન્શન પ્રોજેક્ટ ૧૨૫ કરોડના ખર્ચે અને ૮૫ લાખના ખર્ચે ૫૦ કૃત્રિમ બીજદાન કેન્દ્રો શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં મધુર ડેરી દ્વારા ડેરી એક્સપાન્શન પ્રોજેક્ટ તથા ૫૦ જેટલા કૃત્રિમ બીજદાન સરૂ કરવા માટેના રૂ. ૨૦૦ કરોડથી વધુના બે પ્રોજેક્ટને રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત મંજૂર કરવાની ભલામણ આજે જિલ્લા સમિતિએ કરી છે.

આ બન્ને પ્રોજેક્ટ હવે ખેતી નિયામકશ્રી દ્વારા રાજ્ય સરકારમાં ચકાસણીને અંતે મંજૂરી માટે જશે.

આજે જિલ્લાકક્ષાની રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજનાના પ્રોજેક્ટ અંગેની કમિટીની બેઠક જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈના અધ્યક્ષપદે મળી હતી. એક કલાકથી પણ વધુ ચાલેલી આ બેઠકમાં મધુર ડેરી દ્વારા બન્ને પ્રોજેક્ટ અંગેના પાવર પોઈંટ પ્રેઝન્ટેશન રજુ થયા હતા.

મળતી વિગતો મુજબ મધુર ડેરી દ્વારા દશેલા નજીક ડેરીનો એક્સટેન્શન પ્રોજેક્ટ રૂ. ૧૨૫

● અનુસંધાન પાન-૭ પર

# પાટનગરમાં ફરી વાઈબ્રન્ટ જેવો માહોલ સર્જાશે

## મહાત્મા મંદિર ખાતે ચાર દિવસ આફ્રીકન બેન્ક ડેવલપમેન્ટ કાર્યક્રમ યોજાશે : વડાપ્રધાન મોદી કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરશે : ૨૨ થી ૨૬ મે સુધી પાટનગર પોલીસ છાવણીમાં ફેરવાઈ જશે

ગાંધીનગર, તા. ૧૭

વાઈબ્રન્ટ સમિટનું નામ પડતાં જ પાટનગરવાસીઓને ડર લાગવા લાગે છે કે હવે ફરી આપણું શહેર પારકા શહેર જેવુ લાગશે. કયો રસ્તો ચાલુ છે તે પુછવા ૧૦ ફોન કરવા પડશે. પાટનગરમાં ફરી વાઈબ્રન્ટ જેવુ વાતાવરણ સર્જાશે. ચાર દિવસ માટે આફ્રીકમ બેન્ક ડેવલપમેન્ટ અંતર્ગત મહાત્મા મંદિર ખાતે કાર્યક્રમ છે જેનું વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉદ્‌ઘાટન કરશે અને અનેક વીવીઆઈપી મહાનુભાવોની અવર-જવર ચાર દિવસ દરમ્યાન રહેશે. વડાપ્રધાન સહીત મહાનુભાવોની સુરક્ષા અને સલામતી માટે પાટનગરમાં દસેક જિલ્લામાંથી પોલીસ અધિકારી કર્મચારીઓનો કાફલો ખડકી દઈ લોખંડી સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવામાં આવનાર છે.

મહાત્મા મંદિર ખાતે ૨૩ થી ૨૬ મે દરમ્યાન ચાર દિવસ માટે ઈન્ડો આફ્રીકન બેન્ક ડેવલપમેન્ટ અંતર્ગત મેગા કાર્યક્રમ યોજાનાર છે. જેનું ઉદ્‌ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે થનાર છે. વડાપ્રધાન ૨૨મીએ સાંજે ગાંધીનગર આવશે અને રાત્રી રોકાણ રાજભવન કરશે. ત્યાર બાદ ૨૩મીએ મહાત્મા મંદિર ખાતે ઉદ્‌ઘાટન પ્રસંગે જશે. આ કાર્યક્રમમાં વડાપ્રધાન સહિત અનેક વીવીઆઈપી મહાનુભાવો આવનાર છે. ચાર દિવસ દરમ્યાન ગાંધીનગરના મહેમાન બનનાર વીવીઆઈપી મહાનુભાવોની સુરક્ષા માટે ગાંધીનગર પોલીસ દ્વારા દસેક જિલ્લામાંથી પોલીસ અધિકારીઓ-કર્મચારીઓનો કાફલો તૈનાત કરવા બંદોબસ્ત પ્લાન તૈયાર કરી દીધો છે. વડાપ્રધાન સહિત મહાનુભાવોની સુરક્ષા અને સલામતી માટે આણંદ, ખેડા, અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા સહીતના જિલ્લાઓમાંથી ૮ એસપી,

● અનુસંધાન પાન-૭ પર

# ખ-માર્ગ પર ૨૦ લાખના ખર્ચે સ્ટોર્મ વોટર લાઈનની મરામત

## ખ-૫ થી ખ-૭ વચ્ચે સ્ટોર્મ વોટર લાઇનની ખુલ્લી ચેમ્બરોને યોગ્ય કરાશે

ગાંધીનગર તા ૧૭

શહેરના ખ માર્ગ પર ખુલ્લી સ્ટોર્મ વોટર લાઈન માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી હોવાનો સુર ઉઠ્યા બાદ આખરે તંત્ર દ્વારા આ કામગીરી હાથ ધરવા માટે ટુંકમાં કામ શરૂ કરી દેવાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૨૦ લાખનો ખર્ચ થશે. જેના અંતે ખુલ્લી અને જોખમી ભાસતી સ્ટોર્મ વોટરલાઈનની ચેમ્બરોને યોગ્ય કરવામાં આવશે.

શહેરના ખ માર્ગને સિકસલેન બનાવાની કામગીરી પુર્ણ કરી દેવાયા બાદ રૂટમાં સ્થિત સ્ટોર્મ વોટર લાઈન ભયજનક હાલતમાં રહેતા માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી સ્થિતિ સર્જાઇ છે. ખ માર્ગને સિકસલેન બનાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જયારે આ કામગીરીના અંતે ખ-૫ થી ખ-૭ માં સ્થિત સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરો ખુલ્લી અને તુટેલી હાલતમાં મુકી દેવાતા આમ નાગરિકોની સલામતી સામે મોટો પ્રશ્નાર્થ સર્જાયો છે. છેલ્લા ઘણાં સમયથી આ ખુલ્લા ઢાંકણો બંધ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે . આવા સંજોગોમાં તંત્ર દ્વારા પણ વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. જેના અંતે ખ માર્ગ પર ખ-૫ થી ખ-૭ વચ્ચેની ભયજનક સ્થિતિને નિવારવા રૂ ૨૦ લાખના ખર્ચનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ મામલે તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# વૃક્ષોની કટોતી સાથે માટી સંરક્ષણના અભાવે ગાંધીનગર બન્યુ આંધીનગર

## નગરની નર્સરીઓમાં પણ હવે ફુલછોડના રોપાઓની વાવણીને જ પ્રોત્સાહીત કરાતા માટી સંરક્ષણના અભાવ વચ્ચે પશુ પક્ષીઓને પણ જરૂરી વિસામો મળતો નથી

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર હવે ખરેખર આંધીનગર બનવા તરફ ધકેલાઇ રહયુ છે. મોસમ પલ્ટા વચ્ચે વાતાવરણમાં ઉડતી ધુળની ડમરીઓથી આમ નાગરિકો પરેશાન બન્યા છે. જયારે દર્દીઓ પણ ડસ્ટી વાતાવરણથી તકલીફ વેઠી રહયા છે. વૃક્ષોની કટોતીની સાથે નગરની નર્સરીઓમાં વૃક્ષો ઉછેરવાના ઠેકાણે માત્ર ફુલછોડના રોપાઓની વાવણીનો અભિગમ પણ ધુળિયા વાતાવરણ માટે જવાબદાર હોવાનો સુર પ્રકૃતિ પ્રેમીઓ ઠાલવી રહયા છે. છેલ્લા ત્રણ વર્ષથી નગરની નર્સરીઓમાં વૃક્ષોના રોપાઓ ઉછેરવાનુ બંધ કરી દેવાયુ છે. જેના સ્થાને માત્ર ફુલછોડના રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. જેના પરિણામે માટીના સંરક્ષણ સામે પણ પ્રશ્નાર્થ મંડરાયો છે. નર્સરીઓમાં જ છેલ્લા કેટલાક વર્ષોમાં તોતિંગ વૃક્ષોનુ નિકંદન વળી ગયુ હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

નગરને હાઈટેક બનાવવા માટે વિકાસના બદલાતા આયામો વચ્ચે હરિયાળીનુ બેફામ નિકંદન વળી રહયુ છે. ત્યારે પ્રકૃતિ પ્રેમીઓમાં આમ પણ નારજગી વ્યાપી છે. આવા સંજોગોમાં નગરની નર્સરીઓમાં પણ હરિયાળી સલામત ન રહી હોવાનુ ચિત્ર ઉપસી આવતા વૃક્ષ ઉછેરની પ્રવૃતિ સામે જ પ્રશ્નો મંડરાયા છે. છેલ્લા ત્રણ વર્ષથી નર્સરીઓમાં માત્ર ફુલછોડનો ઉછેર કરવામાં આવી રહયો છે. અલબત્ત નર્સરીમાં તોતિંગ વૃક્ષોની કટોતી કરી નાંખવામાં આવી છે. જેના પરિણામે પ્રકૃતિની ગોદમાં વિહરતા પક્ષીઓ, પ્રાણીઓ તેમજ જીવજંતુઓનુ અસ્તિત્વ જોખમમાં

● અનુસંધાન પાન-૭ પર

## પ્રાર્થના સભા



સ્વ. કે. પી. શુક્લ

**કુમુદકાન્ત પ્રભુશંકર શુક્લ** (રિટાયર્ડ ડેપ્યુટી સેક્રેટરી)નું તા. ૧૫/૫/૨૦૧૭ના રોજ ભુજ-કચ્છ ખાતે દુઃખદ અવસાન થયેલ છે.

**પ્રાર્થનાસભા - ગાંધીનગર**

સ્થળ : સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજવાડી, સેક્ટર-૭, ગાંધીનગર

તારીખ : ૧૯/૫/૨૦૧૭, શુક્રવાર

સમય : સાંજે ૫.૩૦ થી ૭.૦૦

| | |
|---|---|
| સ્વ. મૃદુલ કે. શુક્લ (રિટાયર્ડ, એસ.ટી.) | ભારતી એમ. શુક્લ |
| અતુલ કે. શુક્લ (રિટાયર્ડ, એસ.બી.આઈ.) | બકુલા એ. શુક્લ |
| મુકેશ કે. શુક્લ (એડીશનલ સેક્રેટરી, આર એન્ડ બી, સચિવાલય) | માધવી એમ. શુક્લ |
| રંજના ડી. માંકડ (રિટાયર્ડ એ.જી. ઓફિસ) | દિનેશ એલ. માંકડ |
| હર્ષા ટી. વોરા (ભુજ-કચ્છ) | તારક બી. વોરા |
| સ્નેહલ મૃદુલ શુક્લ (સિવિલ જજ, ઉંઝા) | ઉષ્મા એસ. શુક્લ |
| રૂચિર મૃદુલ શુક્લ (સિવિલ કોર્ટ, ગાંધીનગર) | કુંતલ આર. શુક્લ |
| પરંતપ મુકેશ શુક્લ | હેરત મુકેશ શુક્લ |
| ડો. પાર્થ ડી. માંકડ | ડો. ગ્રીવા પી. માંકડ |
| ઈશિતા ચિરાયુ શુક્લ | જીજ્ઞા સુગમ વોરા |
| ઈરા સૌમિલ શુક્લ | ડો. વાણી તારક વોરા |

# જુના સેકટરોમાં ગટર લાઈનને અપગ્રેડ કરવા માટે તંત્રએ વિભાગને દરખાસ્ત કરી

## સે-૨૪, ૨૫ અને ૨૭ માં ગટરલાઇનની સમસ્યાને ડામવા માટે વધારાની લાઇન નાંખવા માટે રૂ ૧.૨૫ કરોડના ખર્ચનો અંદાજ

ગાંધીનગર તા ૧૭

શહેરમાં દાયકાઓ જુની ગટર લાઈન અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઇ છે. શહેરના વિકાસની સાથે વધતી વસતીના લીધે હાલ ઉપલબ્ધ લાઈન પર્યાપ્ત ન હોવાના લીધે સેકટરોમાં વારંવાર ગટરો ઉભરાવાની સમસ્યા ઉભી થવા પામે છે. જયારે સ્થાનિક ઈન્કવાયરી કચેરી અને તંત્ર પાસે પર્યાપ્ત મેન પાવર ન હોવાના લીધે ગટરલાઈનની ફરિયાદોના નિરાકરણમાં પણ સમય વીતી જાય છે. આવા સંજોગોમાં સમગ્ર શહેરમાં ગટરલાઈનને અપગ્રેડ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. જો કે તંત્ર દ્વારા તબક્કાવાર સેકટરોમાં વધારાની લાઈન નાંખી ગટરો ઉભરાવાની સમસ્યાને ડામવા પગલા લેવાઈ રહયા છે. સે-૨૪, ૨૫ અને ૨૭ માં પણ વધારાની લાઈનનુ કામ હાથ ધરવા માટે તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧.૨૫ કરોડનો ખર્ચ થાય તેમ છે.

શહેરમાં વધતી વસતી અને વિકાસની સાથે પાણી અને ગટર લાઈનની સુવિધા અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઇ હોવાનો પ્રબળ સુર ઉઠવા પામ્યો છે. તંત્ર દ્વારા સાત વર્ષ અગાઉ પાણીની લાઈન સહીત વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જયારે સે-૫ માં પાણીની નવિન ટાંકીનુ પણ નિર્માણ પણ કરવામાં આવ્યુ હતુ. જેના લીધે હાલ સેકટરોમાં પાણીની પોકાર ડામી શકાઈ છે. પરંતુ ગટર લાઈન માટે હજુ પણ દિનપ્રતિદિન પ્રશ્ન જટીલ બનતો જાય છે. સેકટરોમાં ગટરો ઉભરાતી હોવાની સમસ્યાઓ વધી રહી છે. જયારે સ્થાનિક ઈન્કવાયરી કચેરીઓ તેમજ તંત્ર પાસે મેન પાવર અને મશીનરીનો અભાવ હોવાના લીધે ગટરલાઈનની ફરિયાદો પણ દુર કરવામાં વિલંબ થાય છે. આવા સંજોગોમાં સેકટરોમાં તબક્કાવાર તંત્ર દ્વારા ગટરલાઈનને અનુલક્ષી વધારાની લાઈન નાંખવાનુ કામ હાથ ધરવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

## ડોક્ટર નહીં મળે

**ડો. કિરીટ એસ. પટેલ**

તા. ૧૮/૫/૧૭થી તા. ૯/૬/૧૭ સુધી દવાખાને મળી શકશે નહિ.

ડૉ. વિશાલ કે. ઠાકર રાબેતા મુજબ મળશે.

ક્લિનીક : ૧૮૦, ડબલ ડેકર, સેક્ટર-૨૪, ગાંધીનગર.


**પ્રેરણા વિદ્યાલય**

(બાલમંદિર, પ્રાથમિક, માધ્યમિક, ઉ.માધ્યમિક વિભાગ)

મર્યાદિત સંખ્યા અને બાળકોના સર્વાંગી વિકાસ પ્રત્યે પૂરતું ધ્યાન આપતી વાજબી ફી ધોરણવાળી એકમાત્ર પ્રતિષ્ઠિત સંસ્થા

જોઈએ છે

M.Com. B.Ed., M.A. B.Ed. તથા Computer ટીચર

દિન-૭માં અરજી કરવી

પ્રેરણા વિદ્યાલય, ૩૪૦, સેક્ટર-૫ એ, ગાંધીનગર


## સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર

**ભરતી અંગેની જાહેરાત**

ભારત સરકારની ડીડીઆરએસ પેટર્ન મુજબ કરાર આધારિત ફિક્સ માનદ વેતન રૂ. ૩૫૦૦/-ના દરે ૧૧ માસના કરારથી જુનિયર ક્લાર્કની ૧-જગ્યા ભરવાની હોઈ, ધોરણ-૧૦+૨ તથા કોમ્પ્યુટરના જાણકાર રસ ધરાવતા ઉમેદવારોએ તા. ૨૪/૫/૨૦૧૭ સુધીમાં પોતાની અરજી, બાયોડેટા, તેમજ પ્રમાણપત્રોની ઝેરોક્ષ નકલ સાથે "સંચાલકશ્રી, સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર, બ્લોક નં. ૧૧૧, ચ-ટાઈપ, સેક્ટર-૨૮, ગાંધીનગર" ખાતેના સરનામે મોકલી આપવા વિનંતી છે.

- સંચાલક


મંડપ

કેટરીંગ

લાઈટીંગ

ફલાવરીંગ

89 80 10 1515

93 761 8000 3

93 28 89 3535

રંગવાલા ડેકોરેટર્સ

ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.



www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯

મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™

Autoclaved Aerated Concrete Blocks

ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦

sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality

KisaN®

ashirvad

BENELAVE™

DR. FIXIT®

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com